અપીલ અરજી નં.૨૫૫ તા.૭–૧૧–૦૯/૧૦

અરજદારઃ– શ્રી સોલંકી ધનસુખભાઈ કનૈયાલાલ

સામાવાળાઃ– ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી સોલંકી ધનસુખભાઈ કનૈયાલાલની તા.૬–૧૦–૦૯ નીઅરજીથી અનફિત રાહે વર્ગ–૪ ના કર્મચારીના આશ્રિતને તા.૨૦–૧૨–૨૦૦૪ થી ૨૦૦૯ સુધીમાં છેલ્લી કેટલી ઉમરના આશ્રિતને નોકરી ઉપર લેવા ઓર્ડર આપેલ છે. તેમની જન્મ તારીખ અને કઈ તારીખે આપેલ ઓર્ડર કયા ઝોનમાં તેમના નામ અને જન્મ તારીખ અને ઝોનમાં આપવામાં આવેલ ઓર્ડર નંબર અને કોની જગ્યાએ લેવામાં આવેલ છે તે કર્મચારી નંબર વિગેરે માહિતીઆપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૭–૧૧–૦૯ ની અપીલ અરજી નં.૨૫૫/૨૦૦૯–૧૦

શ્રી સોલંકી ધનસુખભાઈ કનૈયાલાલની તા.૬–૧૦–૦૯ નીઅરજીથી અનફિત રાહે વર્ગ–૪ ના કર્મચારીના આશ્રિતને તા.૨૦–૧૨–૨૦૦૪ થી ૨૦૦૯ સુધીમાં છેલ્લી કેટલી ઉમરના આશ્રિતને નોકરી ઉપર લેવા ઓર્ડર આપેલ છે. તેમની જન્મ તારીખ અને કઈ તારીખે આપેલ ઓર્ડર કયા ઝોનમાં તેમના નામ અને જન્મ તારીખ અને ઝોનમાં આપવામાં આવેલ ઓર્ડર નંબર અને કોની જગ્યાએ લ ેવામાં આવેલ છે તે કર્મચારી નંબર વિગેરે માહિતીઆપવા બાબતે ડે.કમિશ્નર (પ અને ઈ) અને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમના પત્ર નં.જીએડી/ઈએસટી/૨૩૪૮ તા.૩–૧૧–૦૯ માહિતી અધુરી અને ગેરમાર્ગે દોરનાર હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૭–૧૧–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૯૦૦ તા.૧૬–૧૧–૦૯ થી ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ તથા અરજદારને મળેલ માહિતીની નકલ રજૂ કરવા તથા મુળ અરજીના કયા મુદ્દા પરત્વે નારાજગી છે તે સ્પષ્ટતા માટે પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી જાવક નં.જીએડી/ઈએસટી/૨૬૩૧ તા.૨૧–૧૧–૦૯ થી અત્રેના વિભાગને પૂરક વિગતો મળેલ છે. જેમાં અરજદારની મુળ અરજીની નકલ, સે.ઝોન/આરટીઆઈ/જાવક/૯૨૭ તા.૭–૧૦–૦૯ થી તબદીલ કરેલ પત્રની નકલ, અરજદારને નં.જીએડી/ઈએસટી/૨૩૪૮ તા.૩–૧૧ –૦૯ થી નમુના 'ઘ' માં આપેલ માહિતી અંગેના પત્રની નકલ વિગરે માહિતી પૂરી પાડેલ છે. જયારે અરજદાર તરફથી તા.૨૭–૧૧–૦૯ ના રોજ માહિતી પૂરી પાડેલ છે. જેમાં જાહેર માહિતી અધિકારી તરફથી નં.જીએડી/ઈએસટી/૨૩૪૮ તા.૩–૧૧–૦૯ થી નમુના 'ઘ' માં આપેલ માહિતી અંગેના પત્રની નકલ પૂરી પાડેલ છે.

અરજદારે તા.૬–૧૦–૦૯ નીઅરજીથી અનફિત રાહે વર્ગ–૪ ના કર્મચારીના આશ્રિતને તા.૨૦–૧૨–૨૦૦૪ થી ૨૦૦૯ સુધીમાં છેલ્લી કેટલી ઉમરના આશ્રિતને નોકરી ઉપર લેવા ઓર્ડર આપેલ છે. તેમની જન્મ તારીખ અને કઈ તારીખે આપેલ ઓર્ડર કયા ઝોનમાં તેમના નામ અને જન્મ તારીખ અને ઝોનમાં આપવામાં આવેલ ઓર્ડર નંબર અને કોની જગ્યાએ લેવામાં આવેલ છે તે કર્મચારી નંબર વિગેરે માહિતી માંગવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અનફિતરાહે કર્મચારીના આશ્રિતને તા.૨૦–૧૨–૦૪ થી સને ૨૦૦૯ સુધીમાં નિમણૂંક આપવામાં આવેલ અનફિત કર્મચારી (૧) શ્રી બાબુ માનસીંગ કર્મ નં.૮૪૨૮, બેલદાર, સાઉથઝોન (આરોગ્ય સો.વે.મે.) અનફિટ તા.૧૧–૨–૦૪ તેના આશ્રિત તરીકે શ્રી રૂકેશકુમાર બાબુભાઈ મેડા, બેલદાર, સાઉથઝોન (આરોગ્ય સો.વે.મે.) જન્મ તારીખ તા.૨૩–૧૨–૭૭. હુકમ નં.જીએડી/ઈએસટી/પીએચ/૩૫૭ તા.૨૪–૧–૦૫. (૨) શ્રી પાલજી આત્મારામ બારૈયા, કર્મચારી નં.૯૫૫૭, બેલદાર, ઈસ્ટઝોન,અનફીટ તા.૨૩–૯–૦૩ જેના આશ્રિત શ્રી બળવંત પાલજીભાઈ બારૈયા , બેલદાર, સેન્ટ્રલઝોન, જન્મ તા.૧–૩–૮૧ નં.જીએડી/ઈએસટી/૨૯૯૩ તા.૧૩–૧–૦૫ થી નિમણૂંક આપવામાં આવેલ છે એવો જવાબ ડે.કમિશ્નર(પઅનેઈ)એ આપેલ છે. અરજદારે અપીલ અરજીમાં માંગેલ માહિતીની અધૂરી યાદી અને ગેરમાર્ગે દોરનાર હોય ઈરાદાપૂર્વક આપેલ માહિતીથી નારાજ હોવાનું જણાવી અપીલ અરજી કરેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૬–૧૦–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. તેમ છતાં અરજદાર આ અંગે નિર્દિષ્ટ સમયગાળામાં આશ્રિતને આપેલ નોકરી બાબતના લાગત દફતરની તપાસણી કરવા ઈચ્છુક હોય તો હુકમ મળ્યેથી દિન–૭ માં જાહેર માહિતી અધિકારીનો આગોતરો સમય મેળવી તપાસણી કરી શકે છે. જે માટે તેમણે આરટીઆઈ એકટની કલમ–૭(૩) સાથે નિયમ–૫ હેઠળ ઠરાવેલ ફી ભરપાઈ કરવાની રહેશે. અરજદાર તરફથી તેવી માંગણી થયે તે મુજબ અમલવારી કરવા ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૨ – ૦૯

**ડે.કમિશ્નર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ**

(૧) ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ ... જાણ તથા અમલ માટે
(૨) શ્રી સોલંકી ધનસુખભાઈ કનૈયાલાલ